# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

'અઘરૂં છે' 'કેંવાય નહીં' નું બજાર ગરમ!
રાખશે નહીં શરમ, પ્રજા ભાંગશે ભરમ!
દશા બગડી, દિશા બદલી ને ખાધા તમાચા -
ખૂલશે ભાવિ ને બોલશે કરેલાં કરમ..
(બાંધી મુઠ્ઠી)

## હાઈકુ

મેં કર્યું અમે,
તંત્રના ગાડાં નીચે -
ચાલે કૂતરાં..

તું-તું, મૈં-મૈં ના
સિવાઇ ગયા હોઠ -
મત-મશીને..

## ચિંતન

**અકુલે પતિતો રાજા મૂર્ખપુત્રો હિ પંડિતઃ ।**
**નિર્ધનસ્ય ધનપ્રાપ્તિ સ્તૃણવન્મન્યતે જગત્ ॥**

'હલકા-નીચ કુળમાંથી આવેલો રાજા, મૂર્ખનો પુત્ર હોવા જે વિદ્યા ભણીને થયેલો પંડિત - એટલે કે હલકું, અપાત્રે વિદ્યા પામેલો પુત્ર અને પૂર્વે નિર્ધન હોય અને અચાનક (લોટરી-કે કૌભાંડ દ્વારા) ધનની પ્રાપ્તિ થઇ જાય - આટલા લોકો અભિમાનમાં એવા બ્હેકી-છકી જાય છે કે તે આખા જગતને તુચ્છ સમજે છે.'

પ્રાચીન સમયમાં ક્ષત્રિય રાજાઓ કુળવાન અને બાપ-દાદાના રાજવી સંસ્કારથી બધા પ્રકારની વિદ્યાઓ-તપ-આશ્રય શિક્ષણ-સેવા મેળવી પછી જ બધી કસોટીઓમાં પાર ઉતર્યા પછી જ રાજાને જો યોગ્ય ગણાય તો જ ગાદી સોંપતા - હવે તો - ચૂંટણીઓ દ્વારા ખટપટ અને જ્ઞાતિવાદ-લઘુમતિ-અનામત કોઇ પણ બળિયા-ગુન્હેગાર 'રાજા' થઇ બેસી જઇ શકે! એમનામાં વિનય-વિવેક-આદર તો કયાંથી હોય?

એવું જ અભ્યાસમાં સરકારી સુવિધાઓ સ્કોલરશીપ-ટકાવારી-નિશ્ચિત બેઠકો ઉપર મેરીટ વિના પણ થયેલા ડોકટર-ઇજનેરમાં પોતાના વ્યવસાયને લગતી કાબેલિયત આવે કયાંથી આવા લોકોમાં પણ વિનય-વિવેક અને 'હોદ્દા'ને લગતું ચરિત્ર્ય આવે કયાંથી?

નિર્ધન હોય, કૌભાંડ-ખાયકી-બમણા-તમણાંનો ગોરખધંધા કર્યા હોય એમાં 'ગર્ભશ્રીમંત' જેવું ગાંભીર્ય-ઔદાર્ય-કયાંથી આવે?

આવા માણસો આછકલાઇમાં પોતાને શ્રેષ્ઠ અને જગતને તુચ્છ સમજે છે.

## સુવિચાર

- રાજાએ એક ભક્તને પૂછ્યું - હું તને કયારે યાદ આવું છું? ભક્ત કહે - જયારે ઇશ્વર પરથી મારો વિશ્વાસ ડગી જાય ત્યારે - **શેખ સાદી**
- યુધ્ધ એ જંગલી માણસોનો ધંધો છે - **નેપોલિયન**
- સીધો રસ્તો જેટલો સરળ છે એટલો જ કઠિન પણ છે, જો એવું ન હોત તો બધા જ સીધા રસ્તે જ ન ચાલત? - **ગાંધીજી**
- જે રાજા પોતાની પ્રજા પર કોઇ પણ રૂપે જુલ્મ આચરે છે તે હત્યારો જ છે- **તિરૂવલ્લુવર**
- જે રાજા પોતાના સ્વાર્થ માટે પ્રજાને દુઃખ આપે છે તે રાજા નહીં પણ ડાકુ જ છે - **સ્વામી વિવેકાનંદ**
- સંસાર રૂપી ગાડીના રાગ અને દ્વેષ બે બળદ છે - **બ્રેકટન**
- જેના દિલમાંથી 'લોભ' નિકળી ગયો છે તે બધા જ બંધનમાંથી મુક્ત છે - **ભતૃહરિ**

## બોધ કથા

આજે તો પોલીસવાળા (નકલી!) વૃધ્ધાનાં કડાં ઉતરાવી લે, દરોડા પાડે ત્યારે માલ સગવડે થઇ જાય, સમજૂતિથી મૂળ માલિક ભાગી જાય, ખાલી માલ પકડાય - કોર્ટના ન્યાય પણ ચર્ચાસ્પદ થતા જાય છે, કસ્ટમવાળાની આવક પગાર કરતાં અનેક ગણી થઇ જાય છે.. કાયદાનું પાલન કરાવનાર પણ કાયદો-ધર્મ પાડતા નથી.

ઇરાનનો બાદશાહ ખલીફા ઉપર 'જાગૃત' રાજા હતો રાત્રે વેશ પલ્ટો કરી પ્રજાના ખબર અંતર લેતો કે ગુન્હા પણ પકડતો.

એક ઘરમાં એક સ્ત્રી-પુરૂષ પ્રેમી દારૂ પી બહેકેલી ભાષામાં વાતચીત કરવામાં મશગૂલ હતાં. ખલીસ એ ઘરમાં બારીમાંથી ઘૂસી બંનેને દારૂ પીવા માટે ધમકાવ્યાં અને રાજયનાં ગુન્હેગાર ઠરાવ્યાં.

...પણ યુવક વકીલ અને હોંશિયાર હતો. તેણે કહ્યું, નામદાર આપ ધર્મના પણ ચુસ્ત પાલક છો - મેં તો એક જ ગુન્હો કર્યો છે પણ આપે તો ધર્મગ્રંથનું ઉલ્લંઘન કરી ત્રણ-ત્રણ ગુન્હા એક સાથે કર્યા છે એનું શું?

ખલીફા કહે, તું મારા ત્રણ ગુન્હા કહે, સાચા હશે તો હું સ્વીકારીશ નહીં તો તને વધારે કડક સજા કરીશ. યુવાન કહે, કુરાનમાં કહ્યું છે કોઇની ખાનગી વાત ન સાંભળવી, બીજું કોઇનાં ઘરમાં પ્રવેશ કરો ત્યારે વિનય પૂર્વક કુર્નીશ કરી અદબથી વાત કરો, અને ત્રીજું કોઇનાં ઘરમાં બારીમાંથી નહીં, મુખ્ય દરવાજેથી પ્રવેશ કરો!

બાદશાહે કાન પકડ્યા અને યુવાનની હોંશિયારીની પ્રશંસા કરી, દારૂ ન પીવાની શરતે છોડી મૂક્યો.

# આપણે ઝનૂની અને આક્રમક પ્રજા પેદા નથી કરવી પરંતુ પ્રતિકાર કરનારી સંવેદનશીલ શકં પ્રતિ શાઠ્યં કરનારી... પ્રજાને પાંગરવી હશે તો પગલાં અત્યારથી જ ભરવા પડશે...

## વિચાર યાત્રા

- જય ઓઝા

ઇસ બાર યહી તય કીયા હૈ
ઇસ બાર ઘાવો કો દેખના હૈ
ઇસ બાર નહીં
ઇસ બાર નહીં
જબ વો છોટી બચ્ચી મેરે પાસ
અપની ખરોચ લેકર આયેગી
મેં ઉસે ફુ - ફું કર નહીં બહલાઉંગા
પનપને દૂંગા ઉસકી ટીસ કો
ઇસ બાર જબ મૈં ચહેરો પર દર્દ લિખા દેખૂંગા
નહીં ગાઉંગા ગીત પીડા ભૂલા દેને વાલે
દર્દ કો રિસને દૂંગા, ઉતરને દૂંગા અન્દર નહરે ઘાવ
ઇસ બાર મૈં ના મરહમ લગાઉંગા
ના હી ઉઠાઉંગા રૂઇ કે હોફે
ઔર ના હી કહૂંગા કી તુમ આંખે બંધ કર લો
ગર્દન ઉધર કર લો મૈં દવા લગા દેતા હૂં
દેખને દૂંગા સબકો હમ સબકો ખુલે નંગે ઘાવ
ઇસ બાર જબ ઉલઝને દેખૂંગા છટપટાતે
નહીં દોડૂંગા ઉલઝી ડોર લપેટને
ઉલઝને દૂંગા જબ તર ઉલઝ સકે
ઇસ બાર કર્મ કા હવાલા દેકર નહીં ઉઠાઉંગા ઔજાર
નહીં કરૂંગા ફિર સે એક નઇ શુરૂઆત
નહીં બનૂંગા એક મિસાલ એક કર્મયોગી કી
નહીં આને દૂંગા જિન્દગી કો આસાની સે પટરી પર
ઉતરને દૂંગા ઉસે કિચડ મેં, ટેઢે મેઢે રાસ્તો પર
નહીં, સૂખને દૂંગા દિવારોં પર લગા ખૂન
હલ્કા નહીં પડને દૂંગા ઉસકા રંગ
ઇસ બાર નહીં બનને દૂંગા ઉસે ઇતના લાચાર
કિ પાન કી પીક ઔર ખૂન કા ફર્ક હી ખત્મ હો જાએ
ઇસ બાર ઘાવો કો દેખના હૈ
ગૌર સે
કુછ ફૈંસલે ઔર કુછ હોંસલે
કહી તો શુરૂઆત કરતી હી હોગી
ઇસ બાર યહી તય કીયા હૈ...

**- પ્રસૂન જોશી**

૨૦૦૮માં મુંબઇ પર ત્રાસવાદી હુમલો થયો પછી NDTV પર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પતો એક કાર્યક્રમ રજૂ થયો હતો. તેમાં યુવા ગીતકાર પ્રસૂન જોશીએ આ કવિતા રજૂ કરી હતી...

સંસદ પર હુમલો થયાની વરસી આવે ત્યારે છાપા અને ટી.વી. પર ફરી પાછી આ હુમલાની ચર્ચા થાય... કસાબની ફાંસી અપાય ત્યારે વળી પાછી તાજ હુમલાના શહીદ કોન્સ્ટેબલ અને કમાન્ડોના પરિવારને બતાવાય, ઇન્ટરવ્યુ લેવાય - "આપ ઇસ વક્ત કૈસા મહસૂસ કર રહે હૈ?" જેવા વાહિયાત સવાલ પૂછવામાં આવે છે...

એટલે અત્યારે આવા સમયે જયારે કયાંય કશા બોમ્બ બ્લાસ્ટ નથી થયા ત્યારે ક-ટાણે આ કવિતા અહીં મુકીને ઘટના યાદ કરવાનું શું તાત્પર્ય છે? એવો પ્રશ્ન આપને થાય એ સ્વાભાવિક છે... ચૂંટણી પુરી થઇ ગઇ છે, પરિણામની રાહ કાગડોળે આપણે સૌ જોઇ રહ્યાં છીએ, ત્યારે વળી આવા લેખ અને કવિતાનો શો અર્થ?

પ્રેક્ટીકલી તો વાત તમારી સાચી છે.

પરંતુ જરા વિચાર કરીએ કે, ૨૦૦૦માં આવેલા ભૂકંપમાં ૨૬મી જાન્યુઆરીએ જેણે પોતાના સ્વજનો ગુમાવ્યા હશે, તે બધા વર્ષમાં એક વાર જ એ દિવસે જ આટલા વર્ષોથી શોક મનાવતા હશે! ના. તેમની માટે દરેક દિવસ કપરો હશે...

કોઇ હોનારતને, ક્રૂર બોમ્બ બ્લાસ્ટને વરસ દર વરસ જન્મદિવસ કે પુણ્યતિથિની જેમ યાદ કરવાની આદત બનાવવી તે યાંત્રિકતાની પરાકાષ્ઠા છે.

હૃદયના એક ખૂણામાં એક ગમગીની, એક ટીસ સાચવી રાખવી આવશ્યક છે...

આપણા સંતાનોને દુનિયાની કાળી બાજુ ન દેખાડવાનો અભિગમ આપણે બદલવો પડશે... અને આ શક્ય ત્યારે જ બનશે જયારે આપણે પોતે વરવી વાસ્તવિકતાને નજર અંદાજ કરવાનું બાજુ પર મુકીશું.

આજકાલ એક નવો ટ્રેન્ડ ચાલ્યો છે... ફેસબુક પર લાઇક કરવાનો, બ્લોગ પોસ્ટ કરવાનો... ચાર રસ્તે કે ગલીના ખૂણે જે ચંડાળ ચોકડી ગામ ગપાટા હાકલી હતી તે સ્થાન હવે ફેસબુક કે તેવી બીજી સોશ્યલ નેટવર્કીંગ સાઇટ્સ લઇ રહી છે...

માટે જ ૨૬/૧૧ના રોજ કોઇ બોમ્બ બ્લાસ્ટના દુઃખિયારાઓની પોસ્ટ આવે, કે તરત જ તેને ફોરવર્ડ કરીને અથવા like કરીને ઝટપટ આપણે સહાનુભૂતિ બજાવી દઇએ છીએ... કામ પત્યું.

ના મિત્રો, કામ પતતું નથી... કાર્ય તો શરૂ થાય છે... એક વિચિત્ર પ્રકારની સૂગ ધરાવતા આપણા માનસને લોહી નીતરતી લાશ કે કપાયેલા હાથ-પગ જોવાની ટેવ પાડવી પડશે...

કશાથી ભાગવાનું નથી. તેને Face કરવાનું છે, ઝનૂની અને આક્રમક મનોબળ ધારણ કરીશું તો વધુ સ્વસ્થ રહી શકીશું.

બાળકોને પેમ્પરીંગ કરી કરીને આપણે બગાડી મુકીએ છીએ... સગવડતાઓથી તરબતર કરી દઇએ છીએ... જુગુપ્સા ચડે, ચિત્રી ચડે, ઉબકા આવે તેવા આપણા સમાજના શર્મનાક કિસ્સાઓથી સંતાડતા ફરીએ છીએ... અને આ જ ખરી મુશ્કેલી પેદા કરે છે... કારણ કે બાળકને આ જ સમાજમાં શ્વસવાનું છે, કયાં સુધી તમે તેનાથી બધુ છુપાવી શકશો? જયારે એક દિવસ તેની સામે અચાનક દુનિયાની કાળી બાજુ આવી જશે ત્યારે... ૨૪ કલાક તો તમે તેનું સુરક્ષા કવચ બની શકવાના નથી... અચાનક તેની સામે જયારે અનિચ્છનીય બનાવ બનશે, ત્યારે... શું તેનામાં તે પચાવવાની તેને જીરવવાની તાકાત હશે? બાળકને નેચરલ પ્રોસેસમાં મોટા થવા જઇએ...

બધુ સંતાડતા રહેવાનો હવે કોઇ અર્થ નથી... આનો અર્થ એવો જરા પણ નથી કે... બાળકને જન્મતાવેંત દુનિયાની બિભત્સતા, જુગુપ્સા દેખાડે રાખવાની પરંતુ... સૂર્યોદર સાથે સૂર્યાસ્ત પણ થાય છે તે દર્શાવવું આવશ્યક છે... લાલ, પીળા, લીલા, રંગ વચ્ચે કાળો રંગ પણ હોય છે... તે બતાવવાનું ન ભૂલીએ...બાળપણમાં 'એલિસ ઇન વન્ડરલેન્ડ' ની વાર્તા કહીએ ત્યારે, સુખદેવ - રાજગુરૂ - ભગતસિંહની વાત પણ કહીએ... 'હેરી પોર્ટર' પાછળ ઘેલા થતા બાળકોને ૨૬/૧૧ ના દિવસે શહીદ થયેલા પોલીસકર્મીઓને હીરો બનાવીને તેના પણ પરાક્રમ વંચાવીએ...

આપણે ઝનૂની અને આક્રમક પ્રજા પેદા નથી કરવી પરંતુ પ્રતિકાર કરનારી સંવેદનશીલ શકં પ્રતિ શાઠ્યં કરનારી... પ્રજાને પાંગરવી હશે તો પગલાં અત્યારથી જ ભરવા પડશે...

ક-ટાણે ક-સમયે લખાયેલ આ લેખ સમયસર આત્મસાત કરવા જેવો ખરો કે નહીં!

# સાચું કહું તો આ ફલાણી પાર્ટીની સભાઓમાં ભલે ફરૂં છું પણ ખરેખર નક્કી જ નથી કરી શકતો કે આખરે વોટ આપવો કોને?! હવે તો મતદાન કેન્દ્ર પર ચૂંટણીકાર્ડ લઈને પહોંચી જવું છે, છેલ્લી ઘડીએ જે વિચાર આવે એ ખરો... ?!!

## સ્પંદન ડોટ કોમ

- ડો. અનિલ ચૌહાણ

આપણા શહેરમાં કેટલાક સ્વાદ રસીયા પાર્ટી કાર્યકરોને મજ્જો જ મજ્જો છે.

બન્ને મોટા પક્ષોએ પાર્ટી ચુંટણી કાર્યાલયો નજીક નજીક ખોલ્યા છે.

હમણાં જ બનેલો એક સાચુકલો બનાવ.....

રાતના આશરે સાડા અગિયાર વાગ્યા છે. બન્ને ચુંટણી કાર્યાલયોમાં ભારે ભીડ છે. શોર-બકોર છે. ચાર-ચાર, પાંચ-પાંચ ખુરશીઓના નાના નાના કુંડાળાઓ કરી કરીને કાર્યકર્તાઓ, કડકડતી ટાઢમાં ગરમા-ગરમ ચર્ચાઓ કર્યે જાય છે... નજીકમાં વિનામૂલ્યે ચા-નાસ્તાનું કાઉન્ટર છે. બન્ને પક્ષોના કાર્યાલયમાં આ દ્રશ્ય લગભગ સરખુ જ છે. એક કાર્યકર્તા ગરમા-ગરમ ચા લઈને જ્યાં ભજીયા લેવા જતા હતા ત્યાં જ તેમના એક મિત્રએ રોક્યા.....

'રહેવા દો.....!!'

'કેમ ?' પેલા ખચકાયા.

"પેલા બાજુના ચુંટણી કાર્યાલયમાં ગોટા છે ગરમા-ગરમ !!"

મિત્ર એકદમ પેલાના કાનની નજીક મોં લાવી ધીરેથી બબડ્યો, 'આ ઠંડા બરફ જેવા ભજીયા મુકો, ચાલો બાજુમાં... પેલી પાર્ટીના ગરમા-ગરમ ગોટા ખાતા આવીએ.'

આ પક્ષ મુકી, બીજા પક્ષના કાર્યાલય તરફ, ગોટા ભણી બન્ને મિત્રોને લગભગ દોડતા જોઈ એટલું તો ચોક્કસ લાગ્યું કે આ બન્ને કાર્યકરોના મતદાનમાં... બન્ને પક્ષોની પોલીસી, ચુંટણી ઢંઢેરો કે રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય નીતિનિર્ધારણ કરતાંય, આ "ગરમા-ગરમ ગોટા" નું ફેક્ટરજ સૌથી મહત્વનું બની રહેવાનું છે.

બોલો, લોકશાહી ની જે.

લગભગ દરેક ન્યુઝ પેપરે આ સમાચાર છાપ્યા હતા... "૨૦મી ડીસેમ્બરે ગુજરાતના ૧૮૨ ઉમેદવારોનું ભાવિ નક્કી થશે..." આ આખા સમાચારમાં ઉમેદવારોનું 'ભાવિ' એ શબ્દ કઠે એવો છે. આ શબ્દમાં લોક-કલ્યાણ કે ઉમેદવાર કલ્યાણ એ હજુ સ્પષ્ટ નથી થતું. વીસમીએ કેટલાક જીતશેને બાકીના હારશે એમાં વળી ઉમેદવારનું વળી ભાવિ શું ?

જીતવાનું કે હારવાનું ? સત્તાનું કે અસત્તાનું ? કે પછી સેવાનું કે મેવાનું ?!!

લોકશાહી સાચા અર્થમાં હોય તો ઉમેદવારનું ભાવિ, ભુતકાળ અને વર્તમાન માત્ર એકજ હોય છે અને એ છે.... લોક સેવા. પછી એ ઉમેદવાર પોતે સત્તામાં હોય કે ના હોય.

ગોળમેજી પરીષદોથી મહાત્મા ગાંધીનું ભાવિ ઘડાયું કે આપણા દેશનું ?! દેશી રાજ્યોના વિલિનીકરણથી સરદારનું ભાવિ ઘડાયું કે આપણા અખંડીત રાષ્ટ્રનું ?!!

સાચા રાજકારણમાં વ્યક્તિનું ભાવિ નથી ઘડાતું પણ તે વ્યક્તિના પ્રભાવથી સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનું ભાવિ ઘડાય છે.

પરમ પૂજ્ય રામકૃષ્ણ પરમહંસ જ્યારે મૃત્યુ પામ્યા તેના, થોડાક જ સમય પહેલાં, તેમના શબ્દો હતા... 'આ શરીર હવે કૃશ અને રોગગ્રસ્ત થઈ ગયું છે એટલે માનવસેવાના કાર્યમાં આવી શકે તેમ નથી, માટે મારો પ્રાણ હવે આ શરીરનો ત્યાગ કરશે.' અને પછી થોડાક સમયમાં જ એમના પ્રાણે દેહત્યાગ કર્યો. આ છે ખરો લોકસેવક.

લોક સેવાના કામમાં ન આવે તેવા તમામ રાજકારણીઓના શરીર, આવો પ્રાણનો ત્યાગ કરવા માંડે તો ?!!..

..... જવાબ તમારા પર છોડું છું.

ભરઉનાળે સૌરાષ્ટ્રના તલાલાની કેરીની વાડીઓમાં જેટલા 'આમ' નથી ઉગતા એનાથી વધારે ભરશિયાળામાં 'આમ' શબ્દ સાંભળવા મળ્યો...

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

### માણસની પાર્ટીના માણસ

**ના આ પાર્ટીના..., ના પેલી પાર્ટીના...,**
**અમે તો ભાઈ, માણસની પાર્ટીના માણસ.**
**ના પીવાવાળા, ના છુટકે પીવડાવવાવાળા,**
**ના ખાવાવાળા, પણ જરુરે ખવડાવવાવાળા.**
**અમે તો ભાઈ....**
**કાયમ સહેવાવાળા, નાના ઘરમાં રહેવાવાળા**
**ચુપચાપ બોલવાવાળા, નાના કુંડાળામાં ચાલવાવાળા.**
**અમે તો ભાઈ....**
**જાહેરમાં હસવાવાળા, ને ખાનગીમાં રડવાવાળા**
**એકલા બબડવાવાળા, મનમાં-મનમાં બળવાવાળા**
**અમે તો ભાઈ....**
**ભરોસો રાખવાવાળા, ને પાછા મત આપવાવાળા**
**સદીઓથી જીતાડવાવાળા,છેલ્લે અમે જ હારવાવાળા.**
**અમે તો ભાઈ....**
**ના આ પાર્ટીના..., ના પેલી પાર્ટીના...,**
**અમે તો ભાઈ, માણસની પાર્ટીના માણસ.**

**- ડો.અનિલ ચૌહાણ**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૮મી ડિસેમ્બર



- પ્રતિભા સંપન્ન રાજપુરૂષ તેજ બહાદુર સપ્રુનો જન્મ ૧૮.૧૨.૧૮૭૫. તેમની ખાનગી લાઇબ્રેરી હિન્દુસ્તાનની મોટામાં મોટી ખાનગી લાઇબ્રેરી ગણાય છે. પ્રખર ન્યાય પ્રિય પુરૂષ 'સપ્રુ સમિતિ' (પાકિસ્તાનની માંગણી) સમયે રચાયેલી સમિતિ) માં કરેલી મથામણ જાણતી નથી.
- વંશીય, ભાષાકીય અને ધાર્મિક લઘુમતિઓનાં હક્ક તરીકે યુનાઇટેડ નેશન્સ ૧૮મી ડિસેમ્બરને 'લઘુમતી હક્ક દિન' તરીકે ઉજવવાનો નક્કી કર્યો છે.
- હસન અલી રહીમ નાથાણી નાઝી ગુજરાતી ગઝલકાર શ્રી નસીમનું અવસાન.
- ૧૮૯૯ - વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી લોકપયોગી પુસ્તકો લખનારા રાસાયણિક સંશોધક નરસિંહભાઇ શાહનો લીંબડીમાં જન્મ.



- ૧૯૭૧ - સ્વ. ઇન્દિરા ગાંધી 'ભારત રત્ન' ખિતાબથી નવાજ્યા.

# આ લેખિકાએ બાળવાર્તા, બાળગીત, જોડકણાં, બાળનાટક, લઘુકથા, ટૂંકીવાર્તા અને નિબંધ જેવા પ્રકારમાં ખૂબ જ સુંદર ખેડાણ કર્યું છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

### બાળારાજાની કલ્પના શક્તિ ખિલવતા- વાર્તાકાર, શિક્ષિકા ભારતીબહેન ગોહિલ



આધુનિક માતાઓ સ્વભાવને કારણે પોતાના ઉપર અંકુશ ન રાખી શકે. પણ પોતાના બાળકને અંકુશમાં રાખવા માટે ડરાવેને કહે, જો બાવો આવ્યો!, આવી માતાઓને માત તે મા કહેવાય? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા આપણે બાળપ્રેમી ભારતીબહેન ગોહિલનો પરિચય મેળવવો પડે. જેમની બાળવાર્તાઓમાં રાક્ષસ, ભૂત નહીં પણ પરી, વૃક્ષ, ફૂલ, સ્વર્ગ, પંખી આવે. કેવી મજાની વાત!

ભર્યા ભર્યા ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના પાદરગઢમાં તા. ૨૭-૦૬-૧૯૬૫ના રોજ જન્મેલાં ભારતીબેન પી.ટી.સી., બી.એ., બી.એડ અને એમ.એ. પાર્ટ-૧ સુધી ભણ્યા કર્યુ. આમ તો માણસ જીવન પર્યંત વિદ્યાર્થી જ છે. એવી ભાવના ધરાવતાં ભારતીબહેન બહુ નાની વયે ગમતાને ગુલાલ કરતા કરતાં શિક્ષિકા બની ગયા છે. સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાંયતન અમરેલી સંચાલિત શ્રીમતી પુષ્પાબેન વોરા પ્રાથમિક શાળામાં છવ્વીસ વર્ષ સુધઇ લાગલગાટ શિક્ષિકા પદે રહ્યાં અને હાલ આચાર્ય પદ શોભાવી રહ્યા છે. એમના પરિચયમાં દયાનંદ સરસ્વતીનો સુવિચાર પર્યાપ્ત છે. 'કોઈપણ વસ્તુ કે વ્યક્તિને ઉત્તમ સ્થિતિમાં લાવવા તેનું નામ સંસ્કાર.'

સત્યશીલ, વાંચન-લેખન, સુવિચાર સંગ્રહ અને પ્રવાસ જેમના શોખ છે. એવા આ લેખિકાએ બાળવાર્તા, બાળગીત, જોડકણાં, બાળનાટક, લઘુકથા, ટૂંકીવાર્તા અને નિબંધ જેવા પ્રકારમાં ખૂબ જ સુંદર ખેડાણ કર્યું છે.

શ્રી ભારતીબહેનના પ્રકાશનનો નકશો પણ પુસ્તકોથી ભર્યો ભર્યો છે. ધોરણ ૧ થી ૪નાં વિદ્યાર્થીઓ માટે પરફેક્ટ ઇંગ્લિશ, બાળવાર્તા, !'લિમ્પોભાઈનું સ્વપ્ન', !'બાળ નાટક' રૂપાયતન રંગમંચ, બાળવાર્તા, બાળદુનિયાનો દબદબો, વગેરે પુસ્તકો તો છે જ. પણ આ લેખિકાની ગુજરાતી દૈનિકો, સામાયિકોમાં કૃતિઓ પ્રગટ થતી રહે છે તે દર્શાવે છે કે, તેઓ ક્ષણે ક્ષણનો પ્રસન્નતાથી ઉપયોગ કરી લે છે. પાઠ્યપુસ્તક મંડળ ધોરણ ૫ થી ૭ના ગુજરાતી વિષયના લેખન કાર્યમાં કાર્યરત રહે છે. ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ રૂપાતનય રંગમંચ પુસ્તક પ્રગટ કર્યું છે. ઉપરાંત બાળકોમાં પર્યાવરણ રક્ષાના બીજ રોપાય તેવા સુંદર હેતુથી ભારતી ફાઉન્ડેશન પ્રકાશન દ્વારા બાળ દુનિયાનો દબદબો પ્રકાશિત થયું છે. આ પુસ્તકમાં ૧૯ વાર્તાઓ વારંવાર વાચવી ગમે તેવી છે. વાલી મિત્રોએ પુસ્તક વસાવવું જોઈએ. પોતે અને પોતાના બાળકોને વંચાવવું જોઈએ.

એકેડેમી ફોર ગ્લોબલ એજ્યુકેશન પ્રા.લિ. તથા ફર્સ્ટ ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા બેસ્ટ ટીચર કેટેગરીમાં ગોલ્ડ એવોર્ડ, મહાત્મા ગાંધી એજ્યુકેશન એવોર્ડ (૨૦૧૧) પ્રાપ્ત થયા છે. મૈત્રી ટ્રસ્ટ, સુરત આયોજિત રાજયકક્ષાની નિબંધ સ્પર્ધામાં પ્રથમ, ગદ્યસભા- અમરેલી, લઘુકથા સ્પર્ધામાં શહેરકક્ષાએ પ્રથમ, મહિલા અધિકારિતા નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઉપરાંત કાવ્યપઠન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ચૂકેલા આચાર્યા ભારતીબહેનની સિદ્ધિનો આંક મોટો છે.

વરિષ્ઠ લેખકશ્રી રાધેશ્યામ શર્મા, લોકસત્તા- જનસત્તા દૈનિકમાં પોતાના વિભાગ સાક્ષરજનનો સાક્ષાત્કારમાં ભારતીબહેનને નવાજતાં નોંધેલું :' આ લેખિકા હજુ તો બાલ કથાઓનું માત્ર પરોઢ જ દર્શાવે છે. પણ આ લેખિની વર્તમાન સમયની સમસ્યાઓ સાંકળી આગળ જતાં પુખ્ત સાહિત્ય પણ રચી શકશે?'

સરળ પ્રકૃતિના માલિક લેખકશ્રી ઈશ્વરભાઈ પરમાર કહે છે, 'ભારતીબહેન, તમારી વાર્તામાં પ્રાણી-પંખી કે વૃક્ષ ગેરહાજર નથી. માટે તમારી સુંદર ઓળખ ઊભી થઈ છે.'

' સબળ શિક્ષણ' જૂન - ૦૯ના અંકમાં તેમના પરિચય મુલાકાતની પ્રશ્નોતરી રસપ્રદ છે. શ્રી ભારતીબહેનને શુભેચ્છા સાથે સ્વામી વિવેકાનંદના એક સુવિચારની ભેટ આપીએ.

' બને તેટલું સમયસર કામ કરો. પાણી ખૂટી જશે. ત્યારે નદી ઓળંગીશું. એમ રાહ જોતાં બેસી ન રહો.'